# Official Spokesperson's response to media queries on Indian sailors on the UAE flagged ship Rwabee seized by the Houthis

January 11, 2022

# હુથી દ્વારા જપ્ત કરવામાં આવેલા યુએઈનો ધ્વજ ધરાવતા જહાજ રવાબી પર ભારતીય ખલાસીઓ વિશે મીડિયા પ્રશ્નોના અંગે સત્તાવાર પ્રવક્તાનો જવાબ

જાન્યુઆરી 11, 2022

**હુથી દ્વારા જપ્ત કરવામાં આવેલા યુએઈનો ઝંડો ધરાવતા જહાજ પરના ભારતીય ખલાસીઓ વિશે મીડિયાના પ્રશ્નોનો જવાબ આપતા સત્તાવાર પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ જણાવ્યું :**

"2 જાન્યુઆરી, 2022ના રોજ હુથીઓ દ્વારા હોદીદાહ (યમન)ના બંદર પર યુએઈનો ધ્વજ ધરાવતા જહાજ રવાબીને જપ્ત કરાયા પછી ભારત સરકાર ત્યાંની ઘટનાઓ પર નજીકથી નજર રાખી રહી છે. અમે જહાજનું સંચાલન કરતી કંપનીના સંપર્કમાં છીએ અને અમને જાણ કરવામાં આવી છે કે જહાજમાં સવાર ચાલકદળના 11 સભ્યોમાંથી સાત ભારતીયો છે. અમે કંપની અને અન્ય સ્ત્રોતોથી પરથી સમજીએ છીએ કે ભારતીય ચાલકદળના તમામ સભ્યો સુરક્ષિત છે. ભારત સરકાર તેમની વહેલી મુક્તિ માટે તમામ પ્રયાસો કરી રહી છે. અમે હુથીઓને ચાલકદળના સભ્યોની સલામતી અને સુખાકારીની ખાતરી કરવા અને તેમને તાત્કાલિક મુક્ત કરવા વિનંતી કરીએ છીએ. ભારત યમનમાં ચાલી રહેલી તાજેતરની લડાઈથી ચિંતિત છે અને આશા રાખે છે કે તમામ પક્ષો યમન મુદ્દાના શાંતિપૂર્ણ ઉકેલ માટે વાટાઘાટના ટેબલ પર આવશે."

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 11, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.